ડૉ. પી. એસ. પટેલ

આસી.પ્રો.ઈતિહાસ વિભાગ

એમ.એન.કોલેજ,વિસનગર

# MOHANLAL GULABBHAI DESAI AS A FREEDOM FIGHTER

## ક્રાંતિવીર મોહનલાલ ગુલાબભાઇ દેસાઇ ઉર્ફે કીકુભાઇ ગુલાબભાઇ દેસાઇ

**પ્રસ્તાવના-**

વિશ્વના વિવિધ દેશોમાં વિદેશી શાસન સામે ક્રાંતિઓ થઇ અને ઘણુખરું દરેક ક્રાંતિ એ ઈતિહાસનું સર્જન કર્યુ. ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ ૧૮૫૭ના વિપ્લવથી શરૂ થયો અને ૧૯૪૭માં પૂર્ણાહુતિ થઈ. આ રીતે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ ૯૦ વર્ષનો છે.

દેશ માટે પોતાના પ્રાણનું બલિદાન આપનાર કે પોતાનું સર્વસ્વ દેશ માટે સમર્પિત કરનાર કે દેશ વાસ્તે પોતાનું જીવન ન્યોછાવર કરનાર વ્યક્તિનું પ્રદાન ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં લેશ માત્ર નાનું સૂનું ન ગણાય. આવા નામી-અનામી સર્વ શૂરવીર સ્વાતંત્ર્ય સૈનિકોને ઈતિહાસમાં સ્થાન આપવું કદાચ શક્ય ન પણ બને તે હકીકત છે. દા.ત. અમદાવાદમાં ૧૯૪૨માં ૧,૪૦,૦૦૦ મિલ મજૂરોએ પાડેલી હડતાળમાં ભાગ લીધો ઘણા લોકો જેલમાં ગયા હતા પણ બધાનો ઈતિહાસમાં સમાવેશ થતો નથી.

આમ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના સપૂતો પણ પાછળ ન હતા. "ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો માહિતી કોશ" નામના પુસ્તકમાં ગુજરાતના ૪,૨૧૨ જેટલા સ્વાતંત્ર્ય સૈનિકોની માહિતી આપવામાં આવી છે. તેમાંથી વલસાડ જિલ્લામાં પણ આશરે ૧૫૦ જેટલા સ્વાતંત્ર્ય સૈનિકો હતા. તેવુ માહિતી કોશના આધારે જાણવા મળે છે.

જેમાંથી આજે આપણે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના કોપરલી ગામના ક્રાંતિવીર એવા દેસાઇ મોહનભાઇ ગુલાબભાઇ ઉર્ફે "<u>કીકુભાઇ ગુલાબભાઇ દેસાઇ</u>" અંગે એક સ્વાતંત્ર્ય સૈનિક તરીકે વધુ માહિતી જોઇએ.

**પરિવાર અને પ્રારંભિક માહિતી-**

સ્વાતંત્ર્ય સૈનિક એવા દેસાઇ મોહનભાઇ ગુલાબભાઇ ઉર્ફે કીકુભાઇનો જન્મ વલસાડ જિલ્લાના પારડી તાલુકાના પલસાણા (ઉદવાડા) ગામમાં મામાના ઘરે તારીખ:૦૯/૧૧/૧૯૨૪ના રોજ થયો હતો.[૧] તેમના પિતા ગુલાબભાઇ સામાન્ય ખેડૂત હતા. માતાનું નામ કાશીબહેન હતું.

ગુલાબભાઇને ચાર પુત્રો હતા. જેમના નામ ઘેલાભાઇ, મોહનભાઇ, નિછુભાઇ અને મગનભાઇ તેમાંથી બીજા નંબરના આપણા ક્રાંતિવીર કીકુભાઇ. તેમના લગ્ન સુધાબહેન સાથે થયેલ અને તેઓ કોપરલી ગામમાં વસવાટ કરે છે.

**બાળપણના સંસ્કાર-**

માતા કાશીબહેન બાળપણથી જ કીકુભાઇને સાદગી અને સારા સંસ્કાર આપી તેમનું ઘડતર કર્યુ. પિતા ગુલાબભાઇ તરફથી ખડતલતાના ગુણ મળેલા હતા. આ ઉપરાંત તેમના મોટા ભાઇ ઘેલાભાઇના ક્રાંતિકારી જીવનની અસર તેમના પર વિશેષ જોવા મળે છે.માતા કાશીબહેને બાળપણથી જ કીકુભાઇને સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપી હતી. આમ વિદ્યાર્થી જીવનમાં જ આઝાદીની લડતમાં જોડાયા. તેમનો સ્વભાવ મળતાવડો છે.

**શિક્ષણ-**

કીકુભાઇએ બાળપણનું શિક્ષણ મોસાળમાં પલસાણા (ઉદવાડા) ગામમાં મામાના ઘરે રહીને પારડીની ડી.સી.ઓ. સાર્વજનિક હાઇસ્કુલથી શરૂ કરેલ. અહીં તેમણે મેટ્રીક પરીક્ષા પાસ કરી ત્યારબાદ વધુ અભ્યાસ માટે રાજપીપળાની સી.પી.એડ કોલેજમાં જોડાયા. અને સી.પી.એડ્‌ની ડીગ્રી મેળવી. ત્યારબાદ તેમને સી.ટી.સી.(સેકન્ડરી ટીચર સર્ટીફીકેટ કોર્ષ) પૂર્ણ કરેલ.

**વિદ્યાર્થી જીવન દરમ્યાન ચળવળની પ્રવૃતિઓ-**

આવા ક્રાંતિકારી વિચારો ધરાવતા કીકુભાઇ જ્યારે ૧૭ વર્ષની વયના હતા. ત્યારે પારડીની ખ્યાતનામ ડી.સી.ઓ. હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. ત્યારે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળ પુરજોશમાં ચાલતી હતી. આ સમયે હિંદ છોડો આંદોલન વખતે મહાત્મા ગાંધીએ “કરેંગે યા મરેંગે”નો કોલ આપ્યો અને હિંદ છોડો ચળવળ શરૂ કરી. ત્યારે આપણા કીકુભાઇ અને તેમના સાથી મિત્રો કરેંગે યા મરેંગે લડતમાં જોડાયા. અને પીકેટિંગ કરી પારડી ડી.સી.ઓ. હાઇસ્કૂલના શિક્ષકોને સ્કૂલમાં જતા અટકાવી હાઇસ્કૂલ બંધ કરાવી હતી. ત્યારે અંગ્રેજ સરકારે તેમની અને તેમના સાથીદારોની ધરપકડ કરી તારીખ:૦૯/૧૦/૧૯૪૨ થી તા:૦૮/૧૨/૧૯૪૨ તેમને બે માસની કારાવાસની સજા ફટકારવામાં આવી હતી.[૨] કીકુભાઇ અને તેમના સાથીદારોને અમદાવાદ સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવ્યા. પણ તેમની વય સગીર હોવાથી તેમને સુરત જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. ત્યાં પણ તેમને એક માસ રાખવામાં આવ્યા અને આખરે સગીર વય હોવાના કારણે કીકુભાઇનો જેલમાંથી છૂટકારો થયો.

**સાથીદારોનાં નામ-**

કીકુભાઇના સાથીદારો જેવા કે દેસાઇ ઘેલાભાઇ ગુલાબભાઇ, દેસાઇ રમણભાઇ ભગવાનજી, દેસાઇ પ્રાણુભાઇ નાગરજી, દેસાઇ મોહનભાઇ રણછોડજી, પટેલ પ્રાણુભાઇ ગુલાબભાઇ, પટેલ નાગરજી ડાહ્યાભાઇ (પોલીસ પટેલ), શાહ સુશિલચંદ્ર વગેરે હતા. આ તમામ સાથીદારો "કરેંગે યા મરેંગે" લડતમાં જોડાયા હતા. પીકેટીંગ પણ કરેલ અને તમામની અંગ્રેજ સરકારે ધરપકડ કરી અમદાવાદ સાબરમતી જેલમાં મોકલી આપ્યા હતા.[૩]

**અન્ય પ્રવૃતિઓ-**

અમદાવાદની સાબરમતી જેલમાંથી છૂટ્યા પછી ફરી કીકુભાઇએ ભૂગર્ભ પ્રવૃતિઓ શરૂ કરી. કારણ કે અંગ્રેજ સરકાર તેમના પર નજર રાખતી હતી. પરંતુ તેમણે દારૂબંધી માટે પ્રચાર કર્યો મહાત્મા ગાંધીની રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાયા. તેમણે મહાત્મા ગાંધીનો અંબર ચરખો અપનાવ્યો. આ અંબર ચરખો છ તરાકનો હતો. જે આજે પણ તેમની પાસે હયાત છે.જેનાથી વણાટકામ, જાતે કાંતવાનું અને ખાદી વણાટનું પણ કામ કરતા. આ ઉપરાંત તેઓ પીકેટીંગ, ડબ્બો, દારૂબંધી માટે પ્રચાર, સભા, સરઘસ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા.[૪] આમ તેમના પર અંગ્રેજ સરકારની ચાંપતી નજર હોવાથી તેમની ફરી ધરપકડ ન થઇ. અને તેમણે પછી અભ્યાસ પર વધુ ધ્યાન આપ્યું અને અભ્યાસ પૂર્ણ કર્યો.

**નોકરી-**

આવા વિદ્યાર્થી ચળવળના યુવા ક્રાંતિવીર કીકુભાઇ દેસાઇ અભ્યાસ પૂર્ણ કર્યા પછી એમ.એન.ઝવેરી યુનિયન હાઇસ્કુલ સુરત ખાતે માધ્યમિક શિક્ષક તરીકે નોકરીમાં જોડાયા. સરકારી નોકરી હોવાના કારણે સક્રીય રીતે ક્રાંતિકારી ચળવળમાં ભાગ લઇ શક્યા નહી. નોકરી દરમ્યાન તેઓ N.S.S.,N.C.C. અને સ્કાઉટ જેવી પ્રવૃત્તિ કરતા રહ્યા. આ પ્રમાણે માધ્યમિક શાળામાંથી વય નિવૃત થયા.

**ઉપસંહાર-**

હાલમાં કીકુભાઇ દેસાઇ ૯૧ની વયે પણ મનથી મક્કમ પણ નિવૃતિ જીવન ગાળે છે. હાલ તેમને ભારત સરકાર તરફથી રૂ.૫૦૦૦/ની મર્યાદામાં પેન્શન મળે છે.[૫] તેઓ હાલ પોતાના ધર્મપત્ની સુધાબહેન સાથે સેલવાસ મુકામે ૧૦૩, દેવ આશિષ એપાર્ટમેન્ટ, રાજબાર રેસ્ટોરન્ટની સામે રહે છે. જો કોઇ વ્યક્તિને વધુ વિગત જોઇતી હોય તો તેમનો સંપર્ક કરી શકે છે.[૬]

**પાદનોંધ-**

1. પારડી ડી.સી.ઓ.હાઈસ્કૂલના રજીસ્ટરમાંથી
2. ડૉ.શુક્લ જયકુમાર આર.,"ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ અને તેના પ્રેરકો" ગુર્જર પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૦
3. કીકુભાઈ દેસાઈના સાબરમતી જેલના સાધનિક કાગળોમાંથી
4. દેસાઈ પંકજ ઠાકોરભાઈ, "દક્ષિણ ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ અને તેના પ્રેરકો", પોપ્યુલર પ્રકાશન, સુરત, ૨૦૦૦
5. સુરત જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિકો પેન્શનર્સ સમાજનો પત્ર તારીખ:૧૫/૨/૨૦૧૦
6. સ્વાતંત્ર્ય સૈનિક કીકુભાઈ દેસાઈની રૂબરૂ મુલાકાત

**સંદર્ભગ્રંથ સૂચિ-**


- ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો, શુક્લ ડૉ.જયકુમાર આર.
- દેસાઈ પંકજ ઠાકોરભાઈ દક્ષિણ ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ અને તેના પ્રેરકો, અમદાવાદ, ૨૦૦૦
- સુરત જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિકો પેન્શનર્સ સમાજનો પત્ર તારીખ:૧૫/૨/૨૦૧૦
- કીકુભાઈના સાધનિક કાગળોમાંથી
- કીકુભાઈની રૂબરૂ મુલાકાત